## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




તું કહે છે કે.... રશિયામાં યુદ્ધ ચાલે છે એટલે ગેસનો ભાવ વધ્યો એટલે... શું... રશિયાવાળા ગેસનો બાટલો લઈ યુદ્ધ કરવા જાય છે....??

## મહુડી ખાતે ૨૮મીએ વિશ્વશાંતિ મહાયજ્ઞનું આયોજન

ગાંધીનગર, તા. ૨૬

વિશ્વ શાંતિ અર્થે હિમાલયના મહર્ષિ શિવકૃપાનંદ સ્વામીના સાનિધ્યમાં ગુજરાત સમર્પણ આશ્રમ, મહુડી ખાતે ૧૦૦૮ કુંડી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. ૨૮ માર્ચે સવારે ૭ વાગ્યે વિશ્વશાંતિ યજ્ઞનો પ્રારંભ થશે. જેમાં દેશ-વિદેશના હજારો નાગરિકો આ મહા યજ્ઞમાં ભાગ લેવા મહુડી પધારશે. આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ ગુરૂતત્વની યૂ ટ્યૂબ ચેનલ પર કરવામાં આવશે.

## ગૂજરાત વિદ્યાપીઠ સાદરા ખાતે વીર શહીદ ભગતસિંહ વિષય પર વાર્તાલાપ યોજાયો



ચિલોડા, તા. ૨૬

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા આયોજિત આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સ્વતંત્રતા સંગ્રામના સંભારણામાં વીર શહીદ ભગતસિંહનું જીવન, તેમના કાર્યો અને આઝાદી આંદોલનમાં યોગદાન વિષય પર ઈતિહાસ વિષયની વિદ્યાર્થીની અંજલી ચૌધરીએ વાર્તાલાપ ઉદાહરણ સહિત કર્યો હતો. આભાર દર્શન એમ.ઓ. અંગ્રેજીના વિદ્યાર્થીની દિપ્સા ગુરવાએ કર્યુ હતુ. સમગ્ર આયોજન સંયોજક રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતીભાઈ દેવું દ્વારા કરવામાં આવ્યું હતું.

## ગાંધીનગર તાલુકાની ચેસસ્પર્ધા મગોડી પી.આર. ઠક્કરવિહાર ખાતે આયોજન કર્યું

ગાંધીનગર, તા. ૨૬

આઝાદીના આમૃત મહોત્સવ અંતર્ગત ગાંધીનગર તાલુમાં મગોડી ખાતે આવેલી પી.આર. ઠક્કર વિદ્યાવિહાર ખાતે તાલુકા કક્ષઆની ચેસ સ્પર્ધઆનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ૧૦ થી ૬૦ વર્ષના લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધામાં મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર જિલ્લા રમતગમત અધિકારી મહેશભાઈ ચેસ, એસોસિએશન મંત્રી શૈલેષભાઈ નાયક તથા તેમની ટીમ ઉપસ્થિતરહી હતી શાળાના આચાર્ય. જાનુભાઈ પ્રજાપતિ તથા સિનિયર શિક્ષક રાજુભાઈ જોશી પણ ઉપસ્થિત રહ્યા હતા. સ્પર્ધાનું સંચાલન કરવિનર જે.બી. ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.

## ખૂણેખાંચરેથી

● તીવ્ર ગરમીના માહોલ વચ્ચે આજે પશુધન નીરીક્ષકની સ્પર્ધાત્મક પરીક્ષા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થતાં તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે.

● ગાંધીનગર જિલ્લાની માણસા તાલુકાના ચરાડા ગામની મહિલા પાણી સમિતિને આજે વૉટર ડે ની ઉજવણી દરમ્યાન રૂ. ૫૦ હજારનું પારિતોષિક આપી શ્રેષ્ઠ કામગીરી માટે સન્માનિત કરવામાં આવેલ છે.

● ગાંધીનગર જિલ્લાના દહેગામ ખાતે સવારે દુકાનના શટર બંધ કરી વેપારીએ કરેલી આત્મહત્યાને લઈ સમગ્ર તાલુકામાં ચકચાર મચી જવા પામી છે.

● ગાંધીનગર શહેરી ક્ષય કેન્દ્ર ગાંધીનગર મનપા દ્વારા ગોકુળપુરા ખાતે પ્રા. શાળાના સહયોગથી ટી.બી. અવરનેશ રેલી યોજાઈ હતી.

● કન્યા વિનય મંદિર સંસ્કાર તીર્થ આજોલમાં ઈકો ક્લબની વિદ્યાર્થીનીઓએ ચકલીને બચાવવા માટે માળા બનાવ્યા.

● કલોલ તાલુકાના બોરીસણા પ્રા. શાળા નં. ૧ માં વિશ્વ જળ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

● કોલવડાની કે.કે. પટેલ વિદ્યાલય ખાતે વિદ્યાર્થીઓના શુભેચ્છા સમારોહ સાથે ગાયત્રી યજ્ઞનુંઆયોજન કરવામાંઆવ્યુંહતું.

● ડભોડા ગામે શૈલેષ સોલંકીની નવીન મધર ટચ પ્રાયમરી શાળા અને મહિલા તાલિમ વર્ગના શુભારંભ પ્રસંગે ડૉ. હિમાંશુ પટેલ, હિતેન્દ્ર પટેલ, અરવિંદસિંહ સોલંકી, શંકરસિંહ રાણા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

● આજે વિશ્વ રંગભૂમિ દિવસ છે પણ પાટનગરમાં એક માત્ર ટાઉનહોલ પણ હાલ બંધ હોવાથી નાટકરસિયાઓમાં નિરાશાનું મોજુ પ્રસરી ગયુ છે.

● આઈ.પી.એલ.નો રોમાંચક જંગ શરૂ થતાં ક્રિકેટર સિયાઓમાં આનંદની એક અનોખી લ્હેર જોવા મળી રહી છે. યુવા કેપ્ટનોનો મુકાબલો જોવાને લઈ શરતોનો માહોલ પણ છવાયો છે.



ઈન્ડિયન વોટર વોકર્સ એસોસિએશન દ્વારા વિશ્વ જળ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ એડોટોરીયમ હોલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં વોટર ક્રાઈસિસ અંગેના પુસ્તકનું વિમોચન કરાયુ હતુ તથા મોસ્કો વચ્ચે એમઓયુ કરાયા હતા.

## ‘ધ કાશ્મીર ફાઈલ્સ’ના સંદર્ભે અરવિંદ કેજરીવાલે કરેલ ટીપ્પણીને વખોડી કાઢી સખત વિરોધ નોંધાવતું ગાંધીનગર મહાનગર ભાજપા સંગઠન

ગાંધીનગર, તા. ૨૬

જેહાદી તત્વો દ્વારા કાશ્મીરી પંડિતો પર ધર્મના આધારે કરાયેલ અત્યાચાર અને કત્લેઆમ અંગે સત્ય ઉજાગર કરતી ફિલ્મ ‘ધ કાશ્મીર ફાઈલ્સ’ના સંદર્ભે દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલે કરેલ નિમ્ન સ્તરની ટીપ્પણીને વખોડી કાઢી ‘શ્રી કમલમ, સેક્ટર-૨૧ ખાતે કેજરીવાલનું પૂતળા દહન, સૂત્રોચ્ચાર અને પ્લે કાર્ડ દર્શાવી ગાંધીનગર મહાનગર ભાજપા દ્વારા સખત વિરોધ નોંધાયો હતો. આ વિરોધ પ્રદર્શનમાં મહાનગરના મેયર હિતેશ મકવાણા, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, મહામંત્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા, સંગઠનના હોદેદારો, કોર્પોરેટરો, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે ફક્ત હિન્દુ હોવાના કારણે લાખો કાશ્મીરી પંડિતો પર થયેલા અત્યાચાર અને હજારોની ત્યા બાદ આજે આટલા વર્ષો બાદ જ્યારે ભૂતકાળમાં બનેલી આ ક્રૂર અને ભયંકર ઘટનાને ઉજાગર કરતી ફિલ્મ ‘ધ કાશ્મીર ફાઈલ્સને દેશભરના કરોડો નાગરિકોનો આવકાર મળી રહ્યો છે અને ચારેકોર ફિલ્મની પ્રશંસા થઈ રહી છે ત્યારે ભાજપા શાસિત રાજ્યોએ ફિલ્મને કરમુક્ત જાહેર કરી છે.



સરકારી પ્રાથમિક શાળા સેક્ટર ૩૦ ખાતે વિદ્યાર્થીઓને ઓમકાર પ્રાણાયામ વિશે મહેન્દ્રભાઈ પટેલે ખૂબ જ સુંદર માહિતી આપી હતી વિદ્યાર્થીઓને સાચી રીતે યોગ કેવી રીતે કરવા ઓમકાર કેવી રીતે કરવા તેની ખૂબ જ સરસ સમજ આપી હતી ઓમકારના ધ્વનિના વિષે અને તેનાથી થતા ફાયદા વિશે સમજ આપી હતી


